|| चैतन्य ||
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# HDI - HUMAN DEVELOPMENT INDEX

**Gojiya Moxi Govindbhai**

**Shree R.P.Chavda Mahila Arts College - Bhatiya**

**1. સારાંશ**

પરિવર્તન સંસારનો નિયમ છે. એક શિશુ ધીમે ધીમે પુખ્ત માનવ તરીકે વિકાસ પામે છે. માનવ આદિ માનવ અવસ્થામાંથી અત્યારની જટિલ સમાજ વ્યવસ્થાના રૂપે વિકસિત થયો છે. સમાજ વ્યવસ્થા અને અર્થ વ્યવસ્થાનો પણ વિભિન્ન સ્વરૂપે વિકાસ થયો છે. આર્થિક ઉત્પાદન અને વપરાશ, આવક-જાવક અને નફા-ખોટનો હિસાબ માંડવા માટે શરૂ થયેલું અર્થશાસ્ત્ર છેલ્લા 60-70 વર્ષથી ભૌતિક સુખાકારી અને માનવ વિકાસ માટેનું શાસ્ત્ર બનવા માંડ્યું છે. વિશ્વના અનેક દેશોના લોકોના જીવનની ગુણવત્તામાં ઘણો તફાવત જોવા મળે છે. બે દેશો વચ્ચે જ નહીં પણ દેશના બે વિસ્તારો વચ્ચે પણ તફાવત જોવા મળે છે. જીવનની ગુણવત્તા સુધારવા અન્ન, વસ્ત્ર અને આવાસ જેવી મૂળભૂત જરૂરિયાતો સંતોષાવી જરૂરી છે. ત્યારબાદ શિક્ષણ, સ્વાસ્થ્ય, મનોરંજન વગેરે જરૂરિયાત ઊભી થાય છે. આ પ્રકરણમાં આપણે માનવ વિકાસ એટલે શું? અને માનવ વિકાસ આંકમાં ભારતની સ્થિતિ શું છે ? વગેરે બાબતોનો અભ્યાસ કરીશું.

**2.મહત્વના શબ્દો :** વિકાસ, સુચકાક, માનવ વિકાસ, જીવનધોરણ

**3. પ્રસ્તાવના**

વર્ષ 1990 થી યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) દ્વારા આર્થિક વિકાસના નિર્દેશક તરીકે 'HDI' બહાર પાડવામાં આવે છે. આમાં આર્થિક કરતાં માનવ વિકાસ ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે. આવકનો નિર્દેશાંક માત્ર આર્થિક હતો. જ્યારે PQLIનો નિર્દેશાંક સામાજિક હતો. જયારે HDIમાં આ બન્ને બાબતો ધ્યાનમાં લેવાઈ છે. માનવ વિકાસ આંકના આધારે જુદા જુદા દેશોમાં થતા વિકાસના પ્રયત્નોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. માનવ વિકાસ આંકમાં આવકના પરિબળની અવગણના કરાતી નથી. પરંતુ આવકની સાથે શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવી સામાજિક કલ્યાણની બાબતોને ધ્યાનમાં લઈ સમાજની સાચી આર્થિક સ્થિતિ દર્શાવવાનો છે. આથી આવકના માપદંડની તુલનામાં માનવ વિકાસ આંક વધારે આધારભૂત છે. શિક્ષણ અને સ્વાસ્થ્યની સિદ્ધિનો લાભ આવકની સિદ્ધિ કરતાં વધુ વ્યાપક હોય છે. સામાજિક નિર્દેશકોની દૃષ્ટિએ જુદા જુદા દેશો વચ્ચેનું અંતર ઘટી

રહ્યું છે, જયારે આવક નિર્દેશકની દૃષ્ટિએ અંતર વધી રહ્યું છે. એક સરખી માથાદીઠ આવક ધરાવતાં દેશોમાં માનવ વિકાસ આંક અલગ અલગ સંભવી શકે છે, કારણ કે માનવ વિકાસ આંક આવકનો કઈ દિશામાં કેટલો ઉપયોગ થાય છે તેનાથી વધુ પ્રભાવિત થાય છે. માનવ વિકાસ આંકમાં પ્રજાને આવકના વધારા સાથે, વધારાની પસંદગીની જે તકો મળે છે તેનો પણ સમાવેશ કરાય છે.

**4. હેતુઓ**

- HDI ની સામાન્ય માહીતીનો અભ્યાસ કરવો.
- HDI ના સંદર્ભમાં વિશ્વના દેશોનો અભ્યાસ કરવો.
- HDI ના સંદર્ભમાં વિશ્વના દેશોમાં ભારતની સ્થિતિનો અભ્યાસ કરવો.
- વર્ષ 1998 થી 2022 સુધીના HDI અહેવાલોની સામાન્ય અને સંશિપ્તમાં અભ્યાસ કરવો.

**5. સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પર આધારિત છે તથા ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**6. સંબંધિત સાહિત્યની સમીક્ષા**

**1) ગુજરાત સમાચાર (2022) UNDPના માનવ વિકાસ સૂચકાંકમાં ભારત 132માં સ્થાને : 5 વર્ષ પૂર્વે સારો વિકાસ**

સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) ના એક રિપોર્ટમાં જણાવાયું છે કે, વર્ષ 2021ના માનવ વિકાસ સૂચકાંકમાં ભારત 191 દેશોમાં 132મા સ્થાને ઉતરી ગયું છે. ભારતનો હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્સ (HDI) દેશને મધ્યમ માનવ વિકાસ શ્રેણીમાં મૂકી દે છે. તે વર્ષ 2021માં 0.633 હતો જ્યારે વર્ષ 2020ના રીપોર્ટમાં તે 0.645 જણાયો હતો. વર્ષ 2019 પણ તે સૂચકાંક 0.645 જેટલો જ રહ્યો હતો. જે ઉતરી વર્ષ 2021માં 0.645 થઈ ગયો. આના કારણે જ ભારતની સરેરાશ આયુષ્ય રેખા જે 69.7 વર્ષની હતી તે ઘટીને 67.2 વર્ષની થઈ ગઈ છે. ભારતમાં શિક્ષણના કુલ વર્ષ 11.9 છે જ્યારે શાળાના વર્ષો 6.7 (સરેરાશ) છે. કોઈ પણ રાષ્ટ્રના આરોગ્ય, શિક્ષણ અને સરેરાશ આવકના માપદંડ ઉપરથી આ HDI માપવામાં આવે છે. જેમાં વર્ષ 2020-21માં સતત ઘટાડો જોવા મળ્યો છે. જો કે આ પૂર્વેના પહેલા પાંચ વર્ષમાં સારો વિકાસ જોવા મળ્યો હતો.

**2) ડૉ.હિમાની બક્ષી (2024) માનવ વિકાસ અહેવાલ વર્ષ 2021-22 નવી અનિશ્ચિતતાઓ અને નવા પડકારો**

દુનિયામાં માનવ વિકાસમાં પ્રગતિ નોંધાવાની જગ્યાએ અધોગતિ જોવા મળી છે. કોરોનાની મહામારી, રશિયા યુક્રેન વચ્ચેનું યુદ્ધ, આર્થિક કટોકટીનો સામનો કરી રહેલા શ્રીલંકા – પાકિસ્તાન જેવા અન્ય દેશો – આ બધી પરિસ્થિતિઓને કારણે લોકો અનેક પ્રકારની આર્થિક, સામાજિક અનિશ્ચિતતાઓનો સામનો કરી રહ્યા છે અને માટે જ કદાચ માનવ વિકાસમાં ઘટાડો નોંધાયો છે. એવું નથી કે દુનિયામાં યુદ્ધ પહેલી વાર થયું હોય કે મહામારી પહેલી વાર આવી હોય કે પછી આર્થિક કટોકટીનો આપણે પહેલી વાર સામનો કરી રહ્યા છીએ એવું પણ નથી. તો શું કારણ છે કે માનવ વિકાસનાં આંકડામાં ઘટાડો નોંધાયો છે? વર્ષ 2021-22નાં માનવ વિકાસ અહેવાલ મુજબ દુનિયા માટે અનિશ્ચિતતાઓનો સામનો કરવો એ નવી વાત નથી પરંતુ અત્યારના સમયની અનિશ્ચિતતા નવા સ્વરૂપે આવી છે. અનિશ્ચિતતાનું એક મોટું સંકુલ જાણે રચાયું હોય તેમ અત્યારે વૈશ્વિક સ્તરે એક સાથે ત્રણ પ્રકારની અનિશ્ચિતતાઓએ ઘેરો લીધો છે.

**7. માનવ વિકાસ આંક અને તેને સંલગ્ન મહત્વની બાબતો**

**માનવ વિકાસનો અર્થ**

**UNDP ના મંત અનુસાર……**

'માનવ વિકાસ એ માનવની આકાંક્ષાઓ અને જરૂરી હોય તેવી જીવનનિર્વાહની સુવિધાઓ વિસ્તારવાની પ્રક્રિયા છે.'

આ શબ્દનો ઉપયોગ પ્રસાર માધ્યમો, રાજકીય નેતાઓ, વિવિધ સંસ્થાઓ અને સરકારો અવારનવાર કરે છે. માનવ વિકાસ' શબ્દસમૂહ માનવ ક્ષમતાઓના વિસ્તરણ, પસંદગીઓના વ્યાપ, સ્વાતંત્ર્યના વિકાસ અને માનવ અધિકારોના અમલરૂપે વપરાય છે. માનવ વિકાસ કેવળ શિક્ષણ, આરોગ્ય, પોષણ અને સંસાધનોના નિયંત્રણ કરતાં કંઈક વધુ બાબતનો સંકેત આપે છે.

**સામાન્ય અર્થમાં માનવ વિકાસ એટલે…….**

- ✓ માનવીને પોતાની રસ, રુચિ, આવડત, બુદ્ધિ-ક્ષમતા અનુસાર સફળ અને સર્જનાત્મક જીવન જીવવામાં સહાયક બને.
- ✓ માનવ ક્ષમતાઓનું નિર્માણ થાય, સમાનતા પ્રાપ્ત થાય, વિવિધ ક્ષેત્રોમાં પસંદગીઓનો વ્યાપ વધે.
- ✓ માનવી તંદુરસ્ત, આરોગ્યમય, સ્વસ્થ અને દીર્ઘાયુ જીવન જીવે.
- ✓ માહિતી અને શિક્ષણ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે.
- ✓ આર્થિક ઉપાર્જનની તકો પ્રાપ્ત થાય.
- ✓ ઊંચા જીવનધોરણ માટે કુદરતી સંસાધનો સમાન રીતે ઉપલબ્ધ બને

- ✓ ગુણવત્તાસભર જીવનશૈલી પ્રાપ્ત થાય.
- ✓ ગંદકીનો યોગ્ય નિકાલ થાય અને સ્વાસ્થ્ય સંબંધી પરિસ્થિતિ સુધરે.
- ✓ વ્યક્તિગત અને સામાજિક સુરક્ષા પ્રાપ્ત થાય.
- ✓ માનવ અધિકારોનો ઉપયોગ કરે.

**માનવ વિકાસ સૂચકઆંકના ઘટકો**

HDI તૈયાર કરવામાં ત્રણ પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે છે.

**A. અપેક્ષિત આયુષ્ય** :- જન્મ સમયે વસતીનું અપેક્ષિત આયુષ્ય કેટલું છે તેને આધારે આંક અપાય છે. સામાન્ય રીતે 40 વર્ષથી ઓછું અપેક્ષિત આયુષ્ય હોય તો તંદુરસ્તીથી વંચિત ગણાય છે. જેમ અપેક્ષિત આયુષ્યનો આંક ઊંચો તેમ સારી સ્થિતિ ગણાય છે.

**B. સાક્ષરતા દર (શિક્ષણ) :-** જ્ઞાનનું પ્રમાણ જાણવા પુખ્ત શિક્ષિતોની ટકાવારી કેવી છે તે ધ્યાનમાં લેવાય છે. આમાં 15 વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓના અક્ષરજ્ઞાનને ધ્યાનમાં લેવાય છે. આ આંક તૈયાર કરવામાં બે બાબતો ગણતરીમાં લેવાય છે. જેમકે, સ્કૂલિંગના સરેરાશ વર્ષ અને સ્કૂલિંગના અપેક્ષિત વર્ષો.

**C. સારું જીવનધોરણ (માથાદીઠ આવક) :-** સારા જીવનધોરણમાં શુદ્ધ પીવાના પાણીની સગવડ, આરોગ્ય વિષયક સેવાઓ, સેનીટેશનની સેવા, ઓછા વજનવાળા બાળકોની ટકાવારી, બાળ મૃત્યુદર, પાંચ વર્ષથી નીચેનાનો મૃત્યુ દર, માથાદીઠ દૈનિક કેલરીની, પ્રોટીનની તથા ચરબીની પ્રાપ્તિ વગેરે બાબતો ધ્યાનમાં લેવાય છે. સારા જીવન ધોરણનો આધાર આવક ઉપર હોય છે. આવકનો સૂચકઆંક માથાદીઠ GNI (Gross National Income), PPPના ધોરણે માપવામાં આવે છે.

આમ, ઉપરોક્ત ત્રણ બાબતો દ્વારા ગણતાં HDIનું મૂલ્ય 1 મૂકવામાં આવે છે. કોઈપણ દેશના H.D.I.નું મૂલ્ય જેમ 1ની વધુ નજીક હોય તેમ વધુ વિકસિત ગણાય છે. એટલે કે HDIનો ક્રમ ઊંચો મળે છે. જયારે જેમ દેશનું HDI મૂલ્ય 1 થી વધુ દૂર તેમ HDIનો ક્રમાંક નીચો મળે છે. દા.ત. વર્ષ 2011માં વિશ્વના 187 દેશોમાં માનવ વિકાસ આંકની દૃષ્ટિએ નોર્વે 0.943ના આંક સાથે પ્રથમ નંબરે છે, જયારે કોંગો 0.286ના આંક સાથે સૌથી છેલ્લું રાષ્ટ્ર છે. જયારે ભારતનો HDI આંક 0.547 છે. ટૂંકમાં HDI નીચો ક્રમાંક માનવ વિકાસની દૃષ્ટિએ પછાતતા દર્શાવે છે.

**HDIની દૃષ્ટિએ વિશ્વની સ્થિતિ**

**વર્ષ 1998માં HDIની સ્થિતિ**

વિશ્વના 174 દેશોનો સમાવેશ કરી HDI તૈયાર કરવામાં આવ્યો હતો.જેમાં

- 0.8 થી વધુ આંકવાળા દેશોને ઉચ્ચ ક્રમ.

- 0.5 થી વધુ પણ 0.8 થી ઓછો હોય તેને મધ્યમ ક્રમ

- 0.5 થી નીચો હોય તેને નીચો ક્રમ

ઉપરોક્ત તમામ દ્રષ્ટિએ વિશ્વના 64 દેશો ઉચ્ચ ક્રમમાં આવતા અને કેનેડાનો પ્રથમ નંબર હતો. જયારે ભારતનો ક્રમાંક 135મો હતો. એટલે કે HDIની દ્રષ્ટિએ વિશ્વના 174 દેશમાંથી 134 દેશો આપણા કરતાં આગળ છે.

**વર્ષ 2001માં HDI**

HDI વર્ષ 2001માં દર્શાવ્યા પ્રમાણે વર્ષ 1999ના વર્ષની માહિતીને આધારે તૈયાર કરવામાં આવેલા HDIમાં 162 દેશોનો અભ્યાસ કરાયો હતો. આ રિપોર્ટ પ્રમાણે

- ઊંચા માનવ વિકાસ આંકવાળા 48 દેશો હતા, જેમાં 0.939ના આંક સાથે નોર્વેનો પ્રથમ નંબર હતો.

- મધ્યમ ક્રમના દેશોની સંખ્યા 48 થઈ હતી.

- નીચા ક્રમના દેશોની સંખ્યા 36

ભારતનું સ્થાન મધ્યમ ક્રમના દેશમાં 0.571ના આંક સાથે રહ્યું હતું.

**વર્ષ 2011માં HDI**

વર્ષ 2011નો HDIમાં વિશ્વના 187 દેશોને આવરી લેવાયા છે. માનવ વિકાસની દૃષ્ટિએ કરાયેલ વર્ગીકરણ મુજબ...

- સૌથી વધુ માનવ વિકાસવાળા 47 રાષ્ટ્રો રજૂ કરાયા છે.

- વધુ માનવ વિકાસવાળા 47 રાષ્ટ્રો

- મધ્ય માનવ વિકાસવાળા 47 રાષ્ટ્રો

- નીચા માનવ વિકાસવાળા 46 રાષ્ટ્રો

**વર્ષ 2020માં HDI**

વર્ષ 2020માં HDI ની સ્થિતિ નીચે મુજબ કોષ્ટક દ્વારા દર્શાવી શકાય.

| દેશ | મૂલ્ય | ક્રમ | વિકાસનો દર (% માં) |
|---|---|---|---|
| સ્વિઝરલેન્ડ | 0.962 | 1 | 0.19 |
| નોર્વે | 0.961 | 2 | 0.19 |
| ઓસ્ટ્રેલીયા | 0.951 | 5 | 0.27 |

| | | | |
|---|---|---|---|
| નેધરલેન્ડ | 0.941 | 10 | 0.24 |
| અમેરિકા | 0.921 | 21 | 0.10 |
| ચીન | 0.768 | 79 | 0.97 |
| ભારત | 0.633 | 132 | 0.88 |
| પાકિસ્તાન | 0.544 | 161 | 0.68 |

**Source : UNDP Reports - 2011-2022**

**અર્થઘટન :**

ઉપરોક્ત કોષ્ટક અનુસાર વર્ષ 2022 માં HDI ની સ્થિતિ જોતા સ્વિઝરલેન્ડ એ માનવ વિકાસનું સૌથી ઊંચુ સ્તર ધરાવે છે. જેનું HDI નું મુલ્ય 0.962 અને વિકાસ દર 0.19% જોવા મળ્યો હતો. નોર્વે એ માનવ વિકાસનું દ્વિતીય સ્તર ધરાવે છે જેનું HDI નું મુલ્ય 0.961 અને તેનો વિકાસ દર 0.19% જોવા મળ્યો હતો. અમેરિકા એ માનવ વિકાસમાં 21મુ સ્થાન ધરાવે છે. જેનું HDI નું મુલ્ય 0.921 અને વિકાસ દર 0.10% જોવા મળ્યો હતો. ભારત એ માનવ વિકાસમાં 132મુ સ્થાન ધરાવે છે. જેનું HDI નું મુલ્ય 0.633 અને વિકાસ દર 0.88% જોવા મળ્યો હતો.

**8. તારણો**

- વર્ષ 2022માં HDIની સ્થિતિ જોતા સ્વિઝરલેન્ડ એ માનવ વિકાસનું સૌથી ઊંચુ સ્તર ધરાવે છે.
- વર્ષ 2022માં નોર્વે એ માનવ વિકાસનું દ્વિતીય સ્તર ધરાવે છે.
- વર્ષ 2020માં ભારત એ માનવ વિકાસમાં 132મુ સ્થાન ધરાવે છે.
- ભારતનો માનવ વિકાસ વર્ગીકરણ દરમિયાન મધ્યમ વિકાસના ગ્રુપમાં સમાવેશ થાય છે.
- માનવ વિકાસ આંકના સંદર્ભમાં વિશ્વના દેશોમાં મહત્વની ત્રણ બાબતો જેવીકે અપેક્ષિત આયુષ્ય, સાક્ષરતા દર (શિક્ષણ) અને સારું જીવનધોરણ (માથાદીઠ આવક) વગેરેના પ્રમાણમાં તફાવત જોવા મળે છે.

**9. સમાપન**

આમ, કોઈ પણ દેશમાં માનવીનું જીવન પુષ્પ કેટલાં અંશે ઊઘડેલું છે અને હજુ કેટલું બિડાયેલું છે. એ માપવા માટેની માપપટ્ટી એટલે માનવ વિકાસ આંક. UNDP દુનિયામાં દર વર્ષે આવા અનેક રેન્કિંગ બહાર પાડે છે. માનવ વિકાસ એટલે લોકોની પસંદગીઓમાં લોકોને સારું અને પોષણક્ષમ જીવન મળે, જ્ઞાન પ્રાપ્ત કરવા સક્ષમ બને અને સારા જીવનધોરણ મેળવવા માટે સંસાધન મેળવવાની તક મળે તેનો સમાવેશ કરવામાં આવે છે. જ્યારે વધારાની પસંદગીઓમાં રાજકીય

સ્વતંત્રતા, માનવ અધિકાર અને સમાન હકનો સમાવેશ થાય છે. આમ આ રીતે માનવ વિકાસ આંકની મહત્વ રહેલું છે.

**10. Refrences**


- UNDP Reports - 2011-2022
- UNDPના માનવ વિકાસ સૂચકાંકમાં ભારત 132માં સ્થાને : 5 વર્ષ પૂર્વે સારો વિકાસ, ગુજરાત સમાચાર – 2022
- માનવ વિકાસ અહેવાલ વર્ષ 2021-22 નવી અનિશ્ચિતતાઓ અને નવા પડકારો, ડૉ.હિમાની બક્ષી – 2024
- ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
- https://www.google.com/url?sa=t&source=web&rct=j&opi=89978449&url=https://navgujaratsamay.com/human-development-report-year-2021-22-new-uncertainties-and-new-challenges/225752.html&ved=2ahUKEwiFy9ieyY-EAxXnslYBHc_fBM8QFnoECAsQAQ&usg=AOvVaw2hb-U4NYBUDGIUDTtwOlSG
- https://www.google.com/url?sa=t&source=web&rct=j&opi=89978449&url=https://www.gujaratsamachar.com/amp/news/network/network-22-september-2018&ved=2ahUKEwiFy9ieyY-EAxXnslYBHc_fBM8QFnoECCUQAQ&usg=AOvVaw1_nZQ2Snf5hnawvBfsuXY4